પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૫ | ૧૬ માર્ચ, ૨૦૧૯, શનિવાર; ફાગણ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ન્યૂઝીલેન્ડની બે મસ્જિદમાં આતંકી હુમલો

**ક્રાઇસ્ટચર્ચની બે મસ્જિદમાં લોકો નમાજ પઢતા હતા ત્યારે અંધાધૂંધ ફાયરિંગ થયુ : બાંગ્લા ટીમ બચી ગઇ : હુમલાખોરે ઘટનાનું ફેસબુક પર લાઇવ પ્રસારણ કર્યુ : સેમી-ઓટોમેટિક ગનમાંથી ૫૦ શોટ્સ ફાયર કર્યા : વિસ્ફોટકો ભરેલી કાર સાથે પોલીસે અત્યાર સુધી ૧ મહિલા અને ત્રણ પુરુષ સહિત ચારની ધરપકડ : કમકમાટીભર્યા દ્રશ્ય જોઇ દુનિયાના લોકો આઘાતમાં ગરકાવ**

ક્રાઈસ્ટચર્ચ,તા. ૧૫

ન્યુઝીલેન્ડના ક્રાઈસ્ટચર્ચ ખાતે બે મસ્જિદોમાં વણઓળખાયેલા હુમલાખોરે આજે ભીષણ ગોળીબાર કરતા વ્યાપક દહેશત ફેલાઇ ગઇ હતી. આ ગોળીબારમાં ૪૯ લોકોના મોત થઈ ગયા હતા અને અનેક લોકો ઘાયલ થયા હતા. ઘાયલ થયેલા તમામ લોકોને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડી દેવામાં આવ્યા હતા. પ્રાપ્ત માહિતી મુજબ પહેલો હુમલો અલ નુર મસ્જિદમાં કરવામાં આવ્યો હતો. ક્રાઈસ્ટચર્ચના પેટાનગર વિસ્તાર લિનવુડમાં એક મસ્જિદમાં





ગોળીબાર કરવામાં આવ્યો હતો. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ હતું કે હુમલાખોરે સતત ગોળીબાર કર્યો હતો. નરસંહારના સંદર્ભમાં કેટલાક લોકોને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે. દિલધડક હત્યાકાંડ અને નરસંહારને જોનાર લોકોને થોડાક સમય માટે તો વિશ્વાસ પણ થયો ન હતો. કોઈ વ્યક્તિ આટલી હદ સુધી ક્રૂર કઈરીતે બની શકે છે તેને લઈને લોકોમાં ચર્ચા થઈ હતી. ૪૯ લોકોના મોતના ગુનેગારે પકડી પાડવામાં આવ્યો છે. આ શખ્સે કેટલીક ચોંકાવનારી કબૂલાત પણ કરી છે. એમ પણ કહેવામાં આવ્યુ

● અનુસંધાન પાન-૭ પર

## સપાની ચોથી યાદીની જાહેરાત

લખનૌ, તા. ૧૫

ઉત્તર પ્રદેશમાં મુખ્ય વિપક્ષ સમાજવાદી પાર્ટીએ ઉમેદવારોની ચોથી યાદી જાહેર કરી દીધી હતી. આ યાદીમાં ચાર ઉમેદવારોના નામો છે પરંતુ સમાજવાદી પાર્ટી નેતા મુલાયમસિંહ યાદવના પુત્રવધુ અર્પણા યાદવનું નામ જ ગાયબ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અર્પણા સંભલ લોકસભા સીટ પરથી ચૂંટણી લડવા ઈચ્છુક હતા પરંતુ તેમને નજરઅંદાજ કરી શફીકુર રહમાન બર્કને ટિકિટ ફાળવી દેવામાં આવી છે. અર્પણા યાદવે સસરા મુલાયમસિંહને અનુરોધ પણ કર્યો હતો પરંતુ પાર્ટી અધ્યક્ષ અખિલેશ યાદવે તેમને ટિકિટ આપી નથી. આ યાદીમાં ગોંડા લોકસભાથી વિનોદ કુમાર ઉર્ફ પંડિત સિંહ, રામસાગર યાદવને બારાબંકી, તબસ્સુમ હસનને કૈરાના અને શફીકુર રહમાન બર્કને સંભલ લોકસભા સીટ માટે ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવ્યા છે.

## મસુદ અઝહર સામે ફ્રાન્સની લાલ આંખ

**મસુદ અઝહરની તમામ સંપત્તિ જપ્ત કરી : મસુદ પર પ્રતિબંધ મુકવાના પ્રસ્તાવ ઉપર ચીનના વીટો બાદ કાર્યવાહી : ત્રાસવાદ વિરુદ્ધ નિર્ણાયક કાર્યવાહી હાથ ધરી ફ્રાન્સે હજુ સુધીની સૌથી મોટી કાર્યવાહી કરી : અન્ય દેશો પણ આ દિશામાં આગળ વધે તેવા સ્પષ્ટ એંધાણ**

નવી દિલ્હી,તા. ૧૫

સંયુક્ત રાષ્ટ્રમાં જેશના લીડર મસુદ અઝહર પર પ્રતિબંધ મુકવા માટેના પ્રસ્તાવ પર ચીને વીટોનો ઉપયોગ કર્યા બાદ પણ તેની સામે કાર્યવાહીનો દોર શરૂ થઇ ગયો છે. હવે આતંકવાદ સામેની લડાઈને વધારે નિર્ણાયક બનાવીને ફ્રાન્સે મસુદ અઝહરની સામે નિર્ણાયક કાર્યવાહી કરી છે. તેની નાણાંકીય રીતે કમર તોડી નાંખવાના હેતુથી તેની તમામ સંપત્તિ જપ્ત કરવાનો ફ્રાન્સે નિર્ણય કર્યો છે. ફ્રાન્સની સાથે અન્ય દેશો પણ આ દિશામાં આગળ વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. મસુદની તરફેણમાં વીટોનો ઉપયોગ ચીન દ્વારા કરવામાં આવ્યા બાદ તેની ચારેબાજુ ટિકા થઈ રહી હતી. જેશની સામે ફ્રાન્સની આન સૌથી મોટી કાર્યવાહી તરીકે ગણવામાં આવે છે. ફ્રાન્સ સરકારના

● અનુસંધાન પાન-૭ પર

## મુંબઇ દુર્ઘટના મામલે એફઆઈઆર દાખલ કરી : ઉંડી તપાસ જારી

મુંબઈ,તા. ૧૫

મહારાષ્ટ્રના પાટનગર મુંબઈમાં ગુરૂવારે રાત્રે છત્રપતિ શિવાજી ટર્મિનસ સ્ટેશન નજીક ફુટ ઓવરબ્રિજ ધરાશાયી થવાના મામલે હવે ઉંડી તપાસ હાથ ધરવામાં આવી છે. મામલામાં આઝાદ મેદાન પોલીસ સ્ટેશનમાં આઈપીસીની જુદી જુદી કલમો હેઠળ મધ્ય રેલવે અને બીએમસીના અધિકારીઓની સામે કેસ દાખલ કરવામાં આવ્યો છે. રાજ્યના મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડનવીસે આ બનાવમાં મૃત્યુ પામેલા લોકોના પરિવારના સભ્યોને પાંચ પાંચ લાખ રૂપિયા અને ઘાયલ થયેલા લોકોના પરિવારને ૫૦ હજાર રૂપિયા આપવાની જાહેરાત કરી છે. બનાવમાં ઉચ્ચ સ્તરીય તપાસનો પણ આદેશ આપ્યો છે. સરકારે નિષ્પક્ષ તપાસ કરવાની ખાતરી આપી છે. વડાપ્રધાન નેરન્દ્ર મોદીએ પણ બનાવ અંગે દુખ વ્યકત કર્યુ છે.

## ન્યુઝ ટ્રેક

**ચૂંટણી પંચની ઓફિસે આપના ધરણાં**

દિલ્હીમાં આમ આદમી પાર્ટી અને ભારતીય જનતા પાર્ટી વચ્ચેની ખેંચતાણ વધી રહી છે. આમ આદમી પાર્ટીએ દિલ્હી પોલીસ પર ભાજપના ઈશારે કામ કરવાનો આરોપ લગાવ્યો છે. આ અંગે ચૂંટણી પંચમાં ફરિયાદ દાખલ કરી આપના નેતાઓ ધરણાં પર બેસી ગયા છે.

**ક્રિકેટર શ્રીસંત પરનો પ્રતિબંધ હટયો**

ક્રિકેટર શ્રીસંત પર લગાવેલો પ્રતિબંધ સુપ્રિમ કોર્ટે હટાવી લીધો છે. આજીવન ક્રિકેટ રમવા પર લગાવેલો પ્રતિબંધ હટાવી દેવાતા શ્રીસંત ફરીથી ક્રિકેટ રમી શકશે.

**પીએમ મોદીની બાયોપિક ૧૨ એપ્રિલે રીલીઝ**

પીએમ નરેન્દ્ર મોદી પર બનાવાયેલી બાયોપીક ૧૨મી એપ્રિલે રીલીઝ થશે. ફિલ્મમાં વિવેક ઓબેરોયે મોદીની ભૂમિકા અદા કરી છે. ચૂંટણી સમયે જ તે રીલીઝ કરવામાં આવી રહી હોવાથી ઘણા વિવાદો ઉભા થયા છે.

**માયાવતી ચૂંટણી નહીં લડે**

આ વખતે બસપા સુપ્રિમો માયાવતીની ચૂંટણી લડવાની સંભાવના ઓછી દર્શાવાઈ રહી છે. આ વખતે તેઓ પ્રચાર પર પુરું ધ્યાન આપશે. આ વખતે તેઓ સપા સાથે મળીને ૧૨ રેલીઓ યોજશે.

**ફેસબુકના ચીફ પ્રોડક્ટ ઓફિસર ક્રિસ કોક્સે રાજીનામું આપ્યુ**

ફેસબુકના ચીફ પ્રોડક્ય ઓફિસર ક્રિસ કોક્સે રાજીનામુ આપ્યું છે. કંપનીના સીઈઓ માર્ક ઝુકરબર્ગે ગુરૂવારે તેની જાહેરાત કરી હતી. કોક્સ ઝકરબર્ગના ભરોસાપાત્ર અધિકારીઓ પૈકીના એક છે.

ઝકરબર્ગનું કહેવું છે કે કોક્સે ફેસબુકના ન્યુઝ ફીડ જેવી ટોપ પ્રોડક્ટ પર કામ કર્યું હતું. તેમણે ફેસબુકની એપની જવાબદારી સંભાળી હતી.

## ભારતીય સેનાનું મ્યાનમાર સાથે મળી સંયુક્ત ઓપરેશન

**અનેક આતંકવાદી કેમ્પો નષ્ટ કરાયાના અહેવાલ : આતંકવાદ વિરુદ્ધ ભારત હવે આકરા પાણીએ : ટાગામાં એનએસસીએન હેડક્વાર્ટરને નિશાન બનાવવામાં આવ્યું**



નવી દિલ્હી, તા. ૧૫

આતંકવાદ વિરુદ્ધ ભારત હવે એકદમ આકરા પાણીએ છે. પીઓકેમાં ભારતીય વાયુસેના દ્વારા જૈશ એ મોહમ્મદના ઠેકાણા પર કરાયેલી એર સ્ટ્રાઈકના થોડા દિવસ બાદ જ ભારતીય સેનાએ હવે મ્યાંમારની સરહદમાં ઘૂસીને આતંકીઓના કેમ્પમાં તબાહી મચાવી છે. મ્યાંમાર બોર્ડર પર આતંકીઓના ઠેકાણા નષ્ટ કરી નાખ્યાં. ભારતીય સેના અને મ્યાંમાર સેનાએ સાથે મળીને આ ઓપરેશનને અંજામ આપ્યો. સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ઉત્તર પૂર્વ માટે મોટા અને મહત્વના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ, જે મ્યાંમારમાં સિતવે પોર્ટ દ્વારા કોલકાતાથી મિઝોરમ સાથે જોડાય


● અનુસંધાન પાન-૭ પર

## અભિનંદનને નોર્મલ સ્થિતીમાં લાવવાની પૂર્ણ કરાયેલ પ્રક્રિયા

**હવે ત્રણ સપ્તાહ માટે સિક લીવ પર જશે : હવે ટુંક સમયમાં ફાઇટર પ્લેનના કોકપીટમાં પરત ફરશે**

નવી દિલ્હી,તા.૧૫

વિંગ કમાન્ડર અભિનંદન વર્તમાનને સામાન્ય સ્થિતીમાં લાવવા માટેની પ્રક્રિયા હવે પૂર્ણ કરી લેવામાં આવી છે. આ પ્રક્રિયા બે સપ્તાહ સુધી ચાલી હતી. હવે આ પ્રક્રિયા ભારતીય હવાઈ દળ દ્વારા પૂર્ણ કરી લેવામાં આવી છે. પાયલોટ અભિનંદને ૨૭મી ફેબ્રુઆરીના દિવસે પાકિસ્તાનના એફ-૧૬ વિમાનને તોડી પાડ્યુ હતુ. આ ગાળા દરમિયાન તેમનુ મિંગ ૨૧ બાઈસન વિમાન પણ તુટી પડ્યુ હતુ. અભિનંદન મિંગ-૨૧ વિમાન મારફતે સુરક્ષિત નિકળી ગયા હતા. જો કે તેઓ પોકમાં પહોંચી ગયા હતા. જેથી તેમને પાકિસ્તાની સેનાએ કસ્ટડીમાં લઈ લીધા હતા. આખરે ભારત અને અન્ય દશોના દબાણ બાદ પાકિસ્તાને અભિનંદનને મુક્ત કર્યા હતા. અધિકારીઓએ કહ્યુ છે કે ભારતીય હવાઈ દળ દ્વારા તેમની સારવારની રીત અને પ્રક્રિયા પૂર્ણ કરી લીધી છે. હવે તેઓ ફરજ પર પરત ફરતી પહેલા ફિટનેસને લઈને સમીક્ષા કરશે. યુદ્ધ વિમાનના કોકપિટમાં તેઓ પરત ફરી શકે છે કે કેમ તેની તેઓ હવે ફરી ખાતરી કરશે. અધિકારીઓ હાલમાં તેમની ફિટનેસ પર નજર રાખી રહ્યા છે. હવાઈ અથડામણ દરમિયાન વિંગ કમાન્ડર તેમનુ વિમાન તુટી પડ્યા બાદ પેરાશુટ સાથે નીચે ઉતરી રહ્યા હતા ત્યારે ફંગોળાઈ જઈને પાકિસ્તાનમાં પહોંચી ગયા હતા. જ્યાં તેમને પાકિસ્તાની સેનાએ પકડી લીધા હતા. પાકિસ્તાનના યુદ્ધ વિમાનો ભારતીય ક્ષેત્રમાં હવાઈ હુમલાના પ્રયાસ કર્યા ત્યારે ભારતીય જેટે પાકિસ્તાનના પ્રયાસોને નિષ્ફળ કરી દીધા હતા. આ ગાળા દરમિયાન ભારતનું એક મિગ વિમાન તુટી પડ્યું હતું અને વિંગ કમાન્ડર અભિનંદન ખરાબ હવામાનના કારણે પવનના લીધે પાકિસ્તાન પહોંચી ગયા હતા. પેરાશૂટથી વિંગ કમાન્ડર કુદી ગયા ત્યારે ભારતના બદલે પાકિસ્તાનમાં નીચે ઉતરતા તેમને પાકિસ્તાની સૈનિકોએ પકડી લીધા હતા. ત્યારબાદથી સ્થિતિ વિસ્ફોટક બનેલી હતી. આખરે વિંગ કમાન્ડરને લઈને જોરદાર દબાણ પાકિસ્તાન ઉપર લાવવામાં આવ્યું હતું. ત્યારબાદથી સ્થિતિ ઝડપથી બદલાઈ રહી હતી.



## રાહુલ બે બેઠક પર લડે તેવા સંકેતો

**અમેઠી ઉપરાંત દક્ષિણ ભારતની બેઠક પર લડશે : કોઇ સુરક્ષિત બેઠકની પસંદગીને લઇને હિલચાલ જારી**

નવી દિલ્હી, તા. ૧૫

અમેઠી લોકસભા સીટથી ત્રણ વખતના સાંસદ અને કોંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધી આ વખતે બે સીટો ઉપર ચૂંટણી લડે તેવી શક્યતા છે. અમેઠી ઉપરાંત દક્ષિણ ભારતની કોઈ સીટ પરથી પણ ચૂંટણી લડી શકે છે. કોંગ્રેસ પાર્ટીના કાર્યકરો પણ માંગ કરી રહ્યા છે કે, તેમને વધુ એક સીટ પરથી ઉમેદવારી દાખલ કરવી જોઈએ. દક્ષિણ ભારતથી રાહુલ ગાંધીની ચૂંટણી લડવાની શક્યતા વચ્ચે એવી અટકળો ચાલી રહી છે કે, મહારાષ્ટ્રની નાંદેડ સીટ પરથી અથવા મધ્યપ્રદેશની કોઈ સુરક્ષિત સીટ પરથી તેઓ ચૂંટણી લડી શકે

● અનુસંધાન પાન-૭ પર

**જોઈએ છે**

**શ્રદ્ધાદીપ બ્લડ બેંક, ગાંધીનગર માટે**

- **મેડીકલ ઓફીસર -૨** લાયકાત : M.B.B.S.
- **નર્સ / બ્રધર - ૧** યોગ્ય લાયકાત ધરાવતા, અનુભવી
- **ટેકનીશીયન - ૧** (B.Sc. Micro, M.Sc. Micro-બ્લડ બેંકના અનુભવી)

**શ્રદ્ધાદીપ બ્લડ બેંક**
પ્લોટ નં. ૩૨૯, સેક્ટર-૧૬, ગાંધીનગર
મો. : ૯૮૨૫૫ ૮૩૮૯૮

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧

www.toyotabharat.com
BUILT ON QDR TOYOTA Quality Revolution



TOYOTA Memorable March
UNBELIEVABLE OFFERS. UNQUESTIONABLE QUALITY.
TOYOTA YARIS | 20/20 OFFER DOWN PAYMENT ₹20,000* EMI ₹20,000*
SHORT TERM GAINS Offers Like Never Before
LONG TERM PEACE OF MIND Low Cost of Maintenance# | Long Lasting Durability# | Reliable and Quick Service# | High Resale Value^
UNMATCHED WARRANTY* 3 years/1,00,000 kms | TRUST | TOYOTA ACCESSORIES | TOYOTA PROTECT | EXPRESS MAINTENANCE | 24X7 ROADSIDE ASSISTANCE
INFINIUM TOYOTA • Ahmedabad (S.G. Road & Naroda), Bopal - EM Service • Himmatnagar • Vadodara • Rajkot • Gandhidham • Mehsana
For Sales: 98250 24230/33
For Service: 079-66041400

